મિત્ર-આનંદ દેવવંદન સંપુટ ૨




# જ્ઞાનપંચમી દેવવંદન




-આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ

धर्मतीर्थप्रभावक सिद्धांतसंरक्षक अखंडबालब्रह्मचारी पूज्यपाद

આચાર્યદેવ શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા



| | | |
|---|---|---|
| જન્મ | : | વિ.સં.૧૯૮૪, પ્ર.શ્રા. સુદ-૧, મસૂર (મહારાષ્ટ્ર) |
| દીક્ષા | : | વિ.સં.૧૯૯૯, મહા સુદ-૬, અમદાવાદ |
| પંન્યાસપદ | : | વિ.સં.૨૦૩૪, વૈશાખ સુદ-૫, અમદાવાદ |
| આચાર્યપદ | : | વિ.સં.૨૦૩૮, મહા વદ-૬, ખંભાત |
| સ્વર્ગવાસ | : | વિ.સં.૨૦૫૯, ચૈત્ર સુદ-૬, તા. ૮.૪.૨003, અમદાવાદ. |

મિત્ર-આનંદ દેવવંદન સંપુટ ૨

પૂ. આ. શ્રી વિજય

લક્ષ્મીસૂરીશ્વરજી મ. કૃત

# શ્રી જ્ઞાનપંચમીનાં દેવવંદન

* સંપાદક *

પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય

ભવ્યદર્શનસૂરીશ્વરજી મ.

* પ્રકાશક *

પ. પૂ. પદ્મવિજયજી ગણિવર

જૈન ગ્રંથમાળા ટ્રસ્ટ

ધર્મતીર્થપ્રભાવક ધર્મોદ્યાન,

૧૭, ટોળકનગર, પાલડી,

અમદાવાદ-૭

## પ્રકાશકીય - (દ્વિતીય આવૃતિ માંથી)

અનંત જન્મ-મરણની પીડાનો અંત લાવવા શ્રી જિનભક્તિ એક ઉત્તમ સાધન છે. જિનભક્તિના નવ પ્રકારમાં 'વંદન'નો પણ સમાવેશ થાય છે. પર્વ દિવસોમાં આ વંદનભક્તિ કરવા માટેનાં અનેક સાધનો પૂર્વના મહાપુરુષોએ પૂરાં પાડ્યાં છે. એમાં દેવવંદનનો પણ સમાવેશ થાય છે. મુખ્યત્વે છ પ્રકારનાં દેવ-વંદન હાલ કરાવાય છે. દેવવંદનનાં ભિન્ન ભિન્ન પ્રકાશિત પુસ્તકોય ઉપલબ્ધ છે. પરંતુ તેમાં અશુદ્ધિઓ હોવાથી એક શુદ્ધ (જેમાં જોડણી વગેરેની ભૂલો પણ ન હોય) દેવવંદનમાળા છપાવવાનો મનોરથ ઘણા સમયથી પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**ના મનમાં હતો.

પ્રથમાવૃત્તિની ૧૦૦૦ નકલ માત્ર છ જ મહિનામાં પૂરી થઈ જવાથી અને માગ ચાલુ હોવાથી નવી આવૃત્તિ તરત છાપવાની જરૂરિયાત ઊભી થઈ. મોટા અક્ષર, શુદ્ધિ અને અલગ-અલગ પુસ્તિકા હોવાથી રીસ્પોન્સ ખૂબ સારો મળી રહ્યો છે. તેથી તાત્કાલિક આ બીજી આવૃત્તિ છપાવી છે.

એમાં; પૂજ્યપાદ આગમજ્ઞ, વિધિ-વિધાનમર્મજ્ઞ **આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા** એ સૂરિમંત્ર પ્રથમ પીઠની આરાધના કરી તેમજ **પૂ. સા. શ્રીહર્ષનંદિતાશ્રીજી મહારાજ**નાં શિષ્યા તપસ્વિની **પૂ. સા. શ્રી પદ્મનંદિતાશ્રીજી મહારાજે** સળંગ કરેલ ધર્મચક્ર, દોઢમાસી, પંચમેરુ, અદુઃખદર્શી, રત્નત્રયી, ઘનતપ, સીતાકલંક નિવારણ તપ તથા હાલોલ જૈન સંઘમાં સમૂહમાં થયેલ સૌભાગ્યસુંદર તપના નિમિત્તોને પામીને આ પ્રકાશન થઈ રહ્યું છે.

ધર્મતીર્થપ્રભાવક ગુરુદેવ પ. પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મ. સા.**ના ઉપદેશથી સ્થપાયેલ **પ.પૂ. પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા** તરફથી પ્રકાશિત આ સેટ આપનાં કરકમલમાં આવી રહ્યો છે. સુકૃતના સહભાગી દાતાઓનો આભાર માનીએ છીએ. પુસ્તકની શુદ્ધિ ઉપર પૂજ્યશ્રીએ ખૂબ ચીવટ રાખી છે. છતાં અશુદ્ધિ લાગે તો ધ્યાન દોરવા વિનંતિ છે; જેથી નવી આવૃત્તિમાં સુધારી શકાય.

આ સેટને સારો પ્રતિસાદ-આવકાર મળશે જ એવો આત્મવિશ્વાસ છે. દરેક દેવવંદનની પુસ્તિકા સ્વતંત્ર હોવાથી અનુકૂળ રહેશે. પ્રથમવાર જ આ રીતે સેટ બહાર પડી રહ્યો હશે; એવું અનુમાન છે.

**લિ. પ. પૂ. પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા ટ્રસ્ટનું ટ્રસ્ટી મંડળ**

***વિ. સં. ૨૦૭૧, માગસર સુદ - સાતમ***

પૂ. પિતાશ્રી

મોહનલાલ મનજીભાઈ

તથા

પૂ. માતુશ્રી

સવિતાબેન મોહનલાલ ના

આત્મશ્રેયાર્થે

પુત્ર : યશવંતભાઈ મોહનલાલ

પુત્રવધૂ : સૌ. વસુમતીબેન યશવંતભાઈ

તરફથી

આત્મકલ્યાણરૂપ આરાધનાર્થે

સાદર સમર્પણ.....

વિ.સં. ૨૦૭૩, ચૈત્ર સુ. ૧૫

વિ.સં ૨૦૭૩, સને : ૨૦૧૭ • તૃતીય આવૃત્તિ
નકલ : ૨૦૦૦ નંગ • કિંમત : રૂ. ૧૨૫/- (સેટ)
મુદ્રક :- અક્ષરા ગ્રાફીક્સ, વડોદરા.

**હૃદયોદ્‌ગાર :** (પ્રથમાવૃત્તિમાંથી)

ભગવદ્ ભક્તિ !

કર્મક્ષય માટેનું પ્રથમ છતાં સરળ સોપાન !

પ્રભુના ચ્યવન સમયે સૌધર્મેન્દ્ર શક્રસ્તવ (નમુત્થુણં) સૂત્રદ્વારા ભગવાનની વિનય પૂર્વક ભક્તિ કરે છે, જેનો સમાવેશ ચૈત્યવંદન - દેવવંદનમાં થાય છે.

દેવો માટે સમ્યગ્દર્શનનું અને કર્મક્ષયનું પ્રબળ નિમિત્ત જિનભક્તિ જ છે. એ ભક્તિથી તો શાસ્ત્રોનાં પાને તેમનાં નામો ગવાયાં છે. અલબત્ત, કલ્યાણકાદિમાં કેટલાંય કાર્યો એવાં છે કે - તેના પ્રબળ દાવેદાર દેવો અને ઈન્દ્રો જ છે.

ચૈત્યવંદન ભાષ્યમાં ચૈત્યવંદનના ત્રણ પ્રકાર બતાવ્યા છે. એ ત્રણે પ્રકારનાં ચૈત્યવંદન-દેવવંદનને આ દેવવંદનોમાં સમાવ્યાં છે. ક્યાંક જઘન્ય, ક્યાંક મધ્યમ અને ક્યાંક ઉત્કૃષ્ટ દેવવંદન - ચૈત્યવંદનનાં વિધાનો મૂક્યાં છે.

વંદનથી અહંકાર - અભિમાન ઓગળી જાય છે, નમ્રતા - વિનય પ્રદર્શિત થાય છે. ગુણવાનની ભક્તિ થાય છે. તેનાથી ભક્તને ગુણોની પ્રાપ્તિ થાય છે. આ દેવવંદનનો સમાવેશ ભાવપૂજામાં થાય છે.

દરેક તપમાં, પર્વતિથિએ, પ્રતિક્રમણમાં, તીર્થોમાં દેવવંદન કરવાનું વિધાન છે. તે તે પર્વનિમિત્તે બનાવેલાં, તે તે પર્વોનું મહિમાગાન કરતાં દેવવંદનના માધ્યમથી ભગવદ્‌ભક્તિ કરી ભવ-સાગર તરવાનું સામર્થ્ય પામો; એ જ મંગલ કામના.

**- વિજય ભવ્યદર્શનસૂરિ**

**ધર્મતીર્થપ્રભાવક ધર્મોદ્યાન,**
**૧૭, ટોળકનગર, પાલડી, અમદાવાદ-૭.**

***વિ. સં. ૨૦૫૯, આસો સુદ - ૧૫***

# જ્ઞાનપંચમી દેવવંદન

નવા વર્ષના પ્રારંભમાં સૌ પ્રથમ વાર્ષિક પર્વ આવે છે, જ્ઞાનપંચમી. જ્ઞાનપાંચમને સૌભાગ્યપંચમી પણ કેહવાય છે. કારતક સુદ પાંચમને આપણે જ્ઞાનપંચમી કહીએ છીએ.

જ્ઞાનની વિરાધના દ્વારા ઉપાર્જેલું પાપ જ્ઞાનપંચમીની આરાધનાથી નાશ પામે છે. આમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન : એમ પાંચે જ્ઞાનની આરાધના છે.

કારતક સુદ પાંચમના દિવસે જ્ઞાન(નાણ) સમક્ષ આ દેવ વાંદવાના હોય છે. ચતુર્વિધ સંઘ ભેગો થઈને પણ આ દેવવંદન કરી શકે છે. જિનભક્તિ રસિક, ઉપદેશપ્રાસાદ આદિ ગ્રંથોના રચયિતા પૂ. આ. શ્રીવિજયલક્ષ્મીસૂરિજી મહારાજે આ દેવવંદનની પ્રાસાદિક રચના કરી છે. એમાં પાંચે જ્ઞાનનું સ્વરૂપ, સ્થિતિ, સ્વામી, કાર્ય-કારણભાવ વગેરે વાતો સંક્ષેપમાં સારગ્રાહી શૈલીથી નંદીસૂત્રાદિના આધારે લીધી છે. જેમાં વર્તમાન ચોવીશીના તીર્થંકર ભગવંતોના તે તે જ્ઞાનવાળા કેટલા મુનિવરો હતા, તેની પણ વાત સમાવી લીધી છે. દેવવંદનમાં ૫૧ ખમાસમણાં દુહા પૂર્વક લઈ લીધાં છે. ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ પણ કરવો જોઈએ. જ્ઞાનની ભવ્ય રચના કરીને તેની સામે દેવવંદન કરવાથી ભાવ પણ ઊંચો જાગે છે. કેવળજ્ઞાનના ધ્યેયપૂર્વક આ દેવવંદન કરી અજ્ઞાનનો નાશ કરી કેવલજ્ઞાનની અવિનાશી જ્યોત પ્રગટાવો; એ જ મંગલ કામના.

**-આ. વિ. ભવ્યદર્શનસૂરિ**

નમો નમો નાણદિવાયરસ્સ

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મહારાજ કૃત

# શ્રી જ્ઞાનપંચમી દેવવંદન

## ● પ્રારંભિક વિધિ ●

*પ્રથમ બાજોઠ અથવા સાપડા ઉપર રૂમાલ ઢાંકી પૂર્વ કે ઉત્તર દિશામાં ઊંચાસ્થાને પાંચ પુસ્તકો મૂકીને વાસક્ષેપથી જ્ઞાનની પૂજા કરવી, પાંચ દીવેટનો દીવો કરવો, તે દીવો જયણા પૂર્વક પુસ્તકની જમણી બાજુ અને ધૂપદાણું ડાબી બાજુ સ્થાપી, પુસ્તક આગળ પાંચ અથવા એકાવન સાથિયા કરી, ઉપર શ્રીફળ તથા નૈવેદ્ય મૂકી, યથાશક્તિ જ્ઞાનની દ્રવ્યપૂજા કરીને દેવ વાંદવાં અને સામાયિક તથા પૌષધમાં વાસક્ષેપથી પુસ્તક પૂજીને દેવ વાંદવાં અથવા દેરાસરમાં ત્રણ બાજોઠ ઉપરાઉપર મૂકી, તે ઉપર પાંચ રંગના શ્રી જિનબિંબ સ્થાપી મહોત્સવ પૂર્વક પોતાને સ્થાને સ્નાત્ર ભણાવી, પ્રભુ આગળ જમણી તરફ પુસ્તક મૂક્યું હોય, તેની પણ વાસક્ષેપ વગેરેથી પૂજા કરી તથા ઉજમણું (નાણ) માંડ્યું હોય ત્યાં પણ યથાશક્તિ પૂજા કરી જિનબિંબ આગળ લઘુ સ્નાત્ર ભણાવીને અથવા સત્તરભેદી પૂજા ભણાવીને પૂજાદિ સામગ્રી તથા પાંચ કળશ સ્થાપન કરી પછી શ્રીસૌભાગ્યપંચમી(જ્ઞાનપંચમી)નાં દેવ વાંદવાં.*

# ● પ્રથમ મતિજ્ઞાનનાં દેવવંદન ●

## ● દેવવંદન વિધિ ●

*પ્રથમ ઈરિયાવહી૦ તસ્સ૦ અન્નત્થ૦ પૂર્વક એક લોગસ્સનો કાઉસ્સગ્ગ, ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, પ્રગટ લોગસ્સ કહી, ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્, શ્રી મતિજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરું? ઈચ્છં, કહી ડાબો ઢીંચણ ઊભો કરી ચૈત્યવંદન મુદ્રાએ ચૈત્યવંદન કરવું.*

## ● શ્રી મતિજ્ઞાનનું ચૈત્યવંદન ●

શ્રી સૌભાગ્ય પંચમી તણો, સયલ દિવસ શણગાર;
પાંચે જ્ઞાનને પૂજીએ, થાય સફળ અવતાર. ૧
સામાયિક પોસહ વિષે, નિરવદ્ય પૂજા વિચાર;
સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન-ધ્યાન મનોહાર. ૨
પૂર્વ દિશે ઉત્તર દિશે, પીઠ રચી ત્રણ સાર;
પંચ વરણ જિનબિંબને, સ્થાપીજે સુખકાર. ૩
પંચ પંચ વસ્તુ મેલવી, પૂજા સામગ્રી જોગ;
પંચ વરણ કલશા ભરી, હરીએ દુઃખ ઉપભોગ. ૪
યથાશક્તિ પૂજા કરો, મતિજ્ઞાનને કાજે;

પંચ જ્ઞાનમાં ધૂરે કહ્યું, શ્રી જિનશાસન રાજે. ૫
મતિ શ્રુત વિણ હોવે નહિ એ, અવધિ પ્રમુખ મહાજ્ઞાન;
તે માટે મતિ ધુરે કહ્યું, મતિ શ્રુતમાં મતિમાન. ૬
ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોયે સમકાળે;
સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાળે. ૭
લક્ષણ ભેદે ભેદ છે, કારણ કારજ યોગે;
મતિ સાધન શ્રુત સાધ્ય છે, કંચન કળશ સંયોગે. ૮
પરમાતમ પરમેસરુ એ, સિદ્ધ સયલ ભગવાન;
મતિજ્ઞાન પામી કરી, કેવલ **લક્ષ્મી** નિધાન. ૯

*જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું.*

## ● શ્રી મતિજ્ઞાનનું સ્તવન ●

રાગ : રસિયાની દેશી

**પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને,** ગાજે જગમાં રે જેહ **સુજ્ઞાની,**
શુભ ઉપયોગે ક્ષણમાં નિર્જરે, મિથ્યા સંચિત ખેહ. સુ૦ પ્ર૦ ૧
સંતપદાદિક નવ દ્વારે કરી, મતિ અનુયોગ પ્રકાશ; સુ૦
નય વ્યવહારે આવરણ ક્ષય કરી, અજ્ઞાની જ્ઞાન ઉલ્લાસ. સુ૦ પ્ર૦ ૨
જ્ઞાની જ્ઞાન લહે નિશ્ચય કહે, દો નય પ્રભુજીને સત્ય; સુ૦

અંતરમુહૂર્ત રહે ઉપયોગથી, એ સર્વ પ્રાણીને નિત્ય. સુ૦ પ્ર૦ ૩
લબ્ધિ અંતરમુહૂર્ત લઘુપણે, છાસઠ સાગર જિટ્ઠ; સુ૦
અધિકો નરભવ બહુવિધ જીવને, અંતર કદીયે ન દિટ્ઠ. સુ૦ પ્ર૦ ૪
સંપ્રતિ સમયે એક બે પામતા, હોય અથવા નવિ હોય; સુ૦
ક્ષેત્ર પલ્યોપમ ભાગ અસંખ્યમાં, પ્રદેશ માને બહુ જોય. સુ૦ પ્ર૦ ૫
મતિજ્ઞાન પામ્યા જીવ અસંખ્ય છે, કહ્યા પડિવાઈ અનંત; સુ૦
સર્વ આશાતન વરજો જ્ઞાનની, **વિજયલક્ષ્મી** લહો સંત. સુ૦ પ્ર૦ ૬

*જયવીરાય સંપૂર્ણ કહી, ખમાસમણ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી મતિજ્ઞાન - આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં, શ્રી મતિજ્ઞાન - આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો, ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્૦ કહી નીચેની થોય કહેવી.*

## ● શ્રી મતિજ્ઞાનની થોય ●

રાગ : શ્રી શંખેશ્વર પાસ જિનેશ્વર

શ્રી મતિજ્ઞાનની તત્ત્વ ભેદથી, પર્યાયે કરી વ્યાખ્યાજી,
ચઉવિહ દ્રવ્યાદિકને જાણે, આદેશે કરી દાખ્યાજી;
માને વસ્તુ ધર્મ અનંતા, નહિ અજ્ઞાન વિવક્ષાજી,

તે મતિજ્ઞાનને વંદો પૂજો, **વિજયલક્ષ્મી** ગુણ કાંક્ષાજી ૧

*પછી ખમાસમણ દઈ પીઠિકા સહિત એક એક ગુણના દુહા કહી, પછી બીજું ખમાસમણ દઈ બીજા ગુણનાં ખમાસમણાં દેવાં. એ રીતે મતિજ્ઞાન સંબંધી અઠ્ઠાવીશ ખમાસમણ દેવાં.*

**● શ્રી મતિજ્ઞાનનાં ખમાસમણ માટે દુહા ●**

શ્રી શ્રુતદેવી ભગવતી, જે બ્રાહ્મી લીપી રૂપ;
પ્રણમે જેહનો ગોયમા, હું વંદું સુખરૂપ. ૧
જ્ઞેય અનંતે જ્ઞાનના, ભેદ અનેક વિલાસ;
તેહમાં એકાવન કહું, આતમ ધર્મ પ્રકાશ. ૨
ખમાસમણ એક એકથી, સ્તવીએ જ્ઞાન ગુણ એક;
એમ એકાવન દીજીએ, ખમાસમણ સુવિવેક. ૩
શ્રી સૌભાગ્યપંચમી દિને, આરાધો મતિજ્ઞાન;
ભેદ અઠ્ઠાવીશ એહના, સ્તવીએ કરી બહુમાન. ૪
ઈન્દ્રિય વસ્તુ પુગ્ગલા, મલવે અવત્તવ નાણ;
લોચન મન વિણુ અક્ષતે, વ્યંજનાવગ્રહ જાણ. ૫
ભાગ અસંખ્ય આવલિ લઘુ, સાસ પહુત્ત ઠિઈ જિટ્ઠ;
પ્રાપ્યકારી ચઉ ઇંદ્રિયા, અપ્રાપ્યકારી દુગ દિટ્ઠ. ૬

**સમકિત શ્રદ્ધાવંતને, ઊપન્યો જ્ઞાનપ્રકાશ;**
**પ્રણમું પદકજ તેહનાં, ભાવ ધરી ઉલ્લાસ. ૧**

*અહીં પહેલું ખમાસમણ દેવું. આ દુહો દરેક ગુણના દુહા પછી બોલી ખમાસમણ આપવું.*

નહિ વર્ણાદિક યોજના, **અર્થાવગ્રહ** હોય;
નોઈન્દ્રિય પંચ ઈન્દ્રિયે, વસ્તુગ્રહણ કાંઈ જોય. **સમ**૦ ૨

અન્વય વ્યતિરેકે કરી, અંતરમુહૂર્ત પ્રમાણ;
પંચેન્દ્રિય મનથી હોયે, **ઇહા** વિચારણા જ્ઞાન. **સમ**૦ ૩

વર્ણાદિક નિશ્ચય વસો, સુરનર એહિ જ વસ્ત;
પંચેન્દ્રિય મનથી હોયે, ભેદ **અપાય** પ્રશસ્ત. **સમ**૦ ૪

નિર્ણિત વસ્તુ સ્થિર ગ્રહે, કાલાંતર પણ સાચ;
પંચેન્દ્રિય મનથી હોયે, **ધારણા** અર્થ ઉવાચ. **સમ**૦ ૫

નિશ્ચય વસ્તુ ગ્રહે છતો, સાંતત ધ્યાન પ્રકામ;
અપાયથી અધિકે ગુણે, **અવિચ્યુતિ ધારણા** ઠામ. **સમ**૦ ૬

અવિચ્યુતિ સ્મૃતિતણું, કારજ કારણ જેહ;
સંખ્ય અસંખ્ય કાળ જ સુધી, વાસના ધારણા તેહ. **સમ**૦૭

પૂર્વોત્તાર દર્શન દ્વય, વસ્તુ અપ્રાપ્ત એકત્વ;
અસંખ્ય કાળે એ તેહ છે, **જાતિસ્મરણે** તત્ત્વ. **સમ**૦ ૮

વાજિંત્ર નાદ લહી ગ્રહે, એ તો દુંદુભિ નાદ;
અવગ્રહાદિક જાણે **બહુ**, ભેદ એ મતિ આહ્‌લાદ. **સમ**૦૯
દેશ સામાન્યે વસ્તુ છે, ગ્રહે તદપિ સામાન્ય;
શબ્દ એ નવ નવ જાતિનો, એ **અબહુ** મતિમાન. **સમ**૦૧૦
એક જ તુરિયના નાદમાં, મધુર તરુણાદિક જાતિ;
જાણે **બહુવિધ** ધર્મશું, ક્ષય ઉપશમની ભાંતિ. **સમ**૦ ૧૧
મધુરતાદિક ધર્મમાં, ગ્રહવો અલ્પ સુવિચાર;
**અબહુવિધ** મતિ ભેદનો, કીધો અર્થ વિસ્તાર. **સમ**૦ ૧૨
શીઘ્રમેવ જાણે સહી, નવિ હોય બહુ વિલંબ;
**ક્ષિપ્ર** ભેદ એ જ્ઞાનનો, જાણો મતિ અવલંબ. **સમ**૦૧૩
બહુ વિચાર કરી જાણીએ, એ **અક્ષિપ્રહ** ભેદ;
ક્ષયોપશમ વિચિત્રતા, કહે મહાજ્ઞાની સંવેદ. **સમ**૦ ૧૪
અનુમાને કરી કો ગ્રહે, ધ્વજથી જિનવર ચૈત્ય,
પૂર્વ પ્રબંધ સંભારીને, **નિશ્રિત** ભેદ સંકેત. **સમ**૦૧૫
બાહિર ચિહ્‌ન ગ્રહે નહિ, જાણે વસ્તુ વિવેક;
**અનિશ્રિત** ભેદ એ ધારીએ, આભિનિબોધિક ટેક. **સમ**૦૧૬
નિઃસંદેહ નિશ્ચયપણે, જાણે વસ્તુ અધિકાર;
**નિશ્ચિત** અર્થ એ ચિંતવો, શ્રી મતિજ્ઞાન પ્રકાર. **સમ**૦ ૧૭

એમ હોયે વા અન્યથા, એમ સંદેહે જુત્ત;
ધરે **અનિશ્ચિત** ભાવથી, વસ્તુ ગ્રહણ ઉપયુત્ત. **સમ**૦ ૧૮
બહુ પ્રમુખ ભેદે ગ્રહ્યું, જિમ એકદા તિમ નિત્ય;
બુદ્ધિ થાયે જેહને, એ **ધ્રુવ** ભેદનું ચિત્ત. **સમ**૦ ૧૯
બહુ પ્રમુખ રૂપે કદા, અબહ્‌વાદિક રૂપ;
એ રીતે જાણે તદા, ભેદ **અધ્રુવ** સ્વરૂપ. **સમ**૦ ૨૦
અવગ્રહાદિક ચઉભેદમાં, જાણવા યોગ્ય તે જ્ઞેય;
તે ચઉ ભેદે ભાખિયો, દ્રવ્યાદિકથી ગણેય.
જાણે આદેશે કરી, કેટલા પર્યાય વિસિટ્ઠ;
ધર્માદિક સવિ **દ્રવ્યને**, સામાન્ય વિશેષ ગરિટ્ઠ. **સમ**૦ ૨૧
સામાન્યાદેશે કરી, લોકાલોક સ્વરૂપ;
**ક્ષેત્ર**થી જાણે સર્વને, તત્ત્વ પ્રતીત અનુરૂપ. **સમ**૦ ૨૨
અતીત અનાગત વર્તના, **અદ્ધા** સમય વિશેષ;
આદેશે જાણે સહુ, વિતથ નહિ લવલેશ. **સમ**૦ ૨૩
ભાવથી સવિ હું ભાવનો, જાણે ભાગ અનંત;
ઔદયિકાદિક **ભાવ** જે, પંચ સામાન્યે લહંત. **સમ**૦ ૨૪
અશ્રુતનિશ્રિત માનીએ, મતિના ચાર પ્રકાર;
શીઘ્ર સમય રોહા પરે, અકલ **ઉત્પાતિકી** સાર. **સમ**૦૨૫

વિનય કરંતાં ગુરુ તણો, પામે મતિ વિસ્તાર;
તે **વૈનયિકી** મતિ કહી, સઘળા ગુણ શિરદાર. **સમ૰** ૨૬
કરતાં કાર્ય અભ્યાસથી, ઊપજે મતિ સુવિચાર;
તે બુદ્ધિ કહી **કાર્મિકી**, નંદીસૂત્ર મોઝાર. **સમ૰** ૨૭
જે વયના પરિપાકથી, લહે બુદ્ધિ ભરપૂર;
કમલવને મહાહંસને, **પારિણામિકી** એ સનૂર.
અડવીશ બત્રીસ દુગ ચઉ, ત્રણશેં ચાલીશ જેહ;
દર્શનથી મતિ ભેદ તે, **વિજયલક્ષ્મી** ગુણગેહ. **સમ૰** ૨૮

## ● દ્વિતીય શ્રી શ્રુતજ્ઞાનનાં દેવવંદન ●

*ખમાસમણ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી શ્રુતજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ? ઈચ્છં, કહી ચૈત્યવંદન કરવું.*

## ● શ્રી શ્રુતજ્ઞાનનું ચૈત્યવંદન ●

શ્રી શ્રુતજ્ઞાનને નિત્ય નમો, સ્વ-પર પ્રકાશક જેહ,
જાણે દેખે જ્ઞાનથી, શ્રુતથી ટળે સંદેહ;
અનભિલાપ્ય અનંત ભાવ, વચન અગોચર દાખ્યા,
તેહનો ભાગ અનંતમો, વચન પર્યાયે આખ્યા;
વળી કથનીય પદાર્થનો એ, ભાગ અનંતમો જેહ,
ચઉદે પૂરવમાં રચ્યો, ગણધર ગુણ સસનેહ. ૧

માંહોમાંહે પૂરવ ધરા, અક્ષર લાભે સરિખ્ખા,
છઠાણવડિયા ભાવથી, તે શ્રુત મતિય વિશેષા;
તેહિ જ માટે અનંતમે, ભાગ નિબદ્ધા વાચા,
સમકિત શ્રુતના માનીએ, સર્વ પદારથ સાચા;
દ્રવ્ય ગુણ પર્યાયે કરી, જાણે એક પ્રદેશ,
જાણે તો સવિ વસ્તુને, નંદીસૂત્ર ઉપદેશ. ૨
ચોવીશ જિનના જાણીએ, ચૌદ પૂરવધર સાધ,
નવશત તેત્રીશ સહસ છે, અઠ્ઠાણું નિરુપાધ;
પરમત એકાંતવાદીના, શાસ્ત્ર સકલ સમુદાય,
તો સમકિતવંતે ગ્રહ્યાં, અર્થ યથારથ થાય;
અરિહંત શ્રુત કેવલી કહે એ, જ્ઞાનાચાર ચરિત્ત;
શ્રુતપંચમી આરાધવા, **વિજયલક્ષ્મીસૂરિ** ચિત્ત. ૩

*જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું.*

## ● શ્રી શ્રુતજ્ઞાનનું સ્તવન ●

*રાગ : હરિયા મન લાગ્યો*

શ્રી શ્રુત ચૌદ ભેદે કરી, વરણવે શ્રી જિનરાજ રે,
ઉપધાનાદિ આચારથી, સેવીએ શ્રુત મહારાજ રે;

શ્રુતશું દિલ માન્યો, દિલ માન્યો રે, મન માન્યો,
પ્રભુ આગમ સુખકાર રે. શ્રુત૦ ૧
એકાદિ અક્ષર સંયોગથી, અસંયોગી અનંત રે;
સ્વપર પર્યાયે એક અક્ષરો, ગુણ પર્યાય અનંત રે. શ્રુત૦ ૨
અક્ષરનો અનંતમો, ભાગ ઉઘાડો છે નિત્ય રે;
તે તો અવરાયે નહીં, જીવ સૂક્ષ્મનું એ ચિત્ત રે; શ્રુત૦ ૩
ઈચ્છે સાંભળવા ફરી પૂછે, નિસુણી ગ્રહે વિચારંત રે;
નિશ્ચય ધારણા તિમ કરે, ધી ગુણ આઠ એ ગણંત રે. શ્રુત૦ ૪
વાદી ચોવીશ જિન તણા, એક લાખ છત્રીશ હજાર રે;
બેસે સયલ સભામાંહે, પ્રવચન મહિમા અપાર રે. શ્રુત૦ ૫
ભણે ભણાવે સિદ્ધાંતને, લખે લખાવે જેહ રે;
તસ અવતાર વખાણીએ, વિજયલક્ષ્મી ગુણગેહ રે. શ્રુત૦ ૬

*જયવીયરાય સંપૂર્ણ કહી, ખમાસમણ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી શ્રુતજ્ઞાન-આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં, શ્રી શ્રુતજ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્૦ કહી નીચેની થોય કહેવી.*

## ● શ્રી શ્રુતજ્ઞાનની થોય ●

રાગ : ગોયમ બોલે ગ્રંથ સંભાળી

ત્રિગડે બેસી શ્રી જિન ભાણ, બોલે ભાષા અમીય સમાણ,
મત અનેકાંત પ્રમાણ;
અરિહંત શાસન સફરી સુખાણ, ચઉ અનુયોગ જિહાં ગુણખાણ,
આતમ અનુભવ ઠાણ;
સકલ પદારથ ત્રિપદી જાણ, જોજન ભૂમિ પસરે વખાણ,
દોષ બત્રીશ પરિહાણ;
કેવલી ભાષિત તે શ્રુતનાણ, **વિજયલક્ષ્મીસૂરિ** કહે બહુમાન,
ચિત્ત ધરજો તે સયાણ. ૧

*ખમાસમણ દઈ શ્રુતજ્ઞાનના ચૌદ ભેદના વર્ણનવાળા દુહા બોલવા પૂર્વક ચૌદ ખમાસમણાં દેવાં.*

## ● શ્રી શ્રુતજ્ઞાનનાં ખમાસમણના દુહા ●

વંદો શ્રી શ્રુતજ્ઞાનને, ભેદ ચતુર્દશ-વીશ;
તેહમાં ચઉદશ વર્ણવું, શ્રુત કેવલી શ્રુત ઈશ. ૧
ભેદ અઢાર પ્રકારના, ઈમ સવિ અક્ષરમાન;
લબ્ધિ સંજ્ઞા વ્યંજન વિધિ, **અક્ષર** શ્રુત અવધાન. ૨
**પવયણ શ્રુત સિદ્ધાંત તે, આગમ સમય વખાણ;**

**પૂજો બહુવિધ રાગથી, ચરણ કમલ ચિત્ત આણ.** ૧

*ઉપરનો દુહો દરેક ભેદ દીઠ બોલી ખમાસમણ દેવું.*

કર-પલ્લવ ચેષ્ટાદિકે, લખે અંતર્ગત વાચ;
એહ **અનક્ષર** શ્રુત તણો, અર્થ પ્રકાશક સાચ. **પવ૦** ૨

સંજ્ઞા જે દીહકાલિકી, તેણે સન્નિયા જાણ;
મન ઇન્દ્રિયથી ઊપન્યું, **સંજ્ઞી** શ્રુત અહિઠાણ. **પવ૦** ૩

મનરહિત ઇન્દ્રિય થકી, નિપન્યું જેહનો જ્ઞાન;
ક્ષય ઉપશમ આવરણથી, શ્રુત **અસંજ્ઞી** વખાણ. **પવ૦**૪

જે દર્શન દર્શન વિના, તે દર્શન પ્રતિપક્ષ;
દર્શન દર્શન હોય જિહાં, તે દર્શન પ્રત્યક્ષ.
લલિત ત્રિભંગી ભંગભર, નૈગમાદિ નય ભૂર;
શુદ્ધ શુદ્ધતર વચનથી, **સમકિત** શ્રુત વડનૂર. **પવ૦** ૫

ભંગજાલ નર બાલમતિ, રચે વિવિધ આયાસ;
તિહાં દર્શન દર્શન તણો, નહીં નિદર્શન ભાસ
સદ્ અસદ્ વહેંચણ વિના, ગ્રહે એકાંતે પક્ષ;
જ્ઞાન ફળ પામે નહિ, એ **મિથ્યા** શ્રુત લક્ષ. **પવ૦** ૬

ભરતાદિક દશ ક્ષેત્રમાં, **આદિ સહિત** શ્રુતધાર;
નિજ નિજ ગણધર વિરચિયો, પામી પ્રભુ આધાર. **પવ૦** ૭

દુપ્પસહસૂરીશ્વર સુધી, વર્તશે શ્રુત આચાર;
એક જીવને આશરી, **સાદિ સાંત** સુવિચાર. **પવ૦** ૮
શ્રુત **અનાદિ** દ્રવ્યનય થકી, શાશ્વત ભાવ છે એહ;
મહાવિદેહમાં તે સદા, આગમ રયણ અછેહ. **પવ૦** ૯
અનેક જીવને આશરી, શ્રુત છે **અનાદિ અનંત;**
દ્રવ્યાદિક ચઉ ભેદમાં, સાદિ અનાદિ વિરતંત. **પવ૦** ૧૦
સરિખા પાઠ છે સૂત્રમાં, તે શ્રુત **ગમિક** સિદ્ધાંત;
પ્રાયે દૃષ્ટિવાદમાં, શોભિત ગુણ અનેકાંત. **પવ૦** ૧૧
સરિખા આલાવા નહિ, તો કાલિક શ્રુતવંત;
**અગમિક** શ્રુત એ પૂજીએ, ત્રિકરણ યોગ હસંત. **પવ૦** ૧૨
અઢાર હજાર પદે કરી, આચારાંગ વખાણ;
તે આગળ દુગુણાં પદે, **અંગપ્રવિષ્ટ** સુઅનાણ. **પવ૦** ૧૩
બાર ઉપાંગહ જેહ છે, અંગબાહિર શ્રુત તેહ;
**અનંગપ્રવિષ્ટ** વખાણીએ, શ્રુત **લક્ષ્મીસૂરિ** ગેહ. **પવ૦** ૧૪

## ● તૃતીય શ્રી અવધિજ્ઞાનનાં દેવવંદન ●

*ખમા૦ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ શ્રી અવધિજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરું? ઈચ્છં, કહી ચૈત્યવંદન કરવું.*

## ● શ્રી અવધિજ્ઞાનનું ચૈત્યવંદન ●

અવધિજ્ઞાન ત્રીજું કહ્યું, પ્રગટે આત્મ પ્રત્યક્ષ,
ક્ષય ઉપશમ આવરણનો, નવિ ઈન્દ્રિય આપેક્ષ;
દેવ નિરય ભવ પામતાં, હોય તેહને અવશ્ય,
શ્રદ્ધાવંત (સમય) અવધિ લહે, મિથ્યાત વિભંગવશ્ય;
નર તિરિય ગુણથી લહે, શુભ પરિણામ સંયોગ,
કાઉસ્સગ્ગમાં મુનિ હાસ્યથી, વિઘટ્યો તે ઉપયોગ. ૧
જઘન્યથી જાણે જુએ, રૂપી દ્રવ્ય અનંતાં,
ઉત્કૃષ્ટા સવિ પુદ્ગલા, મૂર્ત્ત વસ્તુ મુણંતા;
ક્ષેત્રથી લઘુ અંગુલ તણો, ભાગ અસંખિત દેખે,
તેહમાં પુદ્ગલ ખંધ જે, તેહનો જાણે પેખે;
લોક પ્રમાણે અલોકમાં એ, ખંડ અસંખ્ય ઉક્કિટ્ઠ,
ભાગ અસંખ્ય આવલિતણો, અદ્ધા લઘુપણે દિટ્ઠ. ૨
ઉત્સર્પિણી અવસર્પિણીએ, અતીત અનાગત અદ્ધા,
અતિશય સંખ્યાતિગ-પણે, સાંભળો ભાવ પ્રબંધા;
એક એક દ્રવ્યમાં ચાર ભાવ, જઘન્યથી તે નિરખે,
અસંખ્યાતા દ્રવ્ય દીઠ, પર્યવ ગુરુથી પરખે;

ચાર ભેદ સંક્ષેપથી એ, નંદીસૂત્ર પ્રકાશે,
**વિજયલક્ષ્મીસૂરિ** તે લહે, જ્ઞાન ભક્તિ સુવિલાસે. ૩

*જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું.*

### ● શ્રી અવધિજ્ઞાનનું સ્તવન ●

રાગ : કુંવર ગભારો નજરે દેખતાં જી...

**પૂજો પૂજો અવધિજ્ઞાનને પ્રાણિયા રે,**
સમકિતવંતને એ ગુણ હોય રે;
સવિ જિનવર એ જ્ઞાને અવતરી રે,
માનવ મહોદય જોય રે. **પૂજો**૦ ૧

શિવરાજ ઋષિ વિપર્યય દેખતો રે,
દ્વીપ સાગર સાત-સાત રે;
વીર પસાયે દોષ વિભંગ ગયો રે,
પ્રગટ્યો અવધિ ગુણ વિખ્યાત રે. **પૂજો**૦ ૨

ગુરુ સ્થિતિ સાધિક છાસઠ સાગરુ રે,
કોઈને એક સમય લઘુ જાણ રે;
ભેદ અસંખ્ય છે તરતમ યોગથી રે,
વિશેષાવશ્યકમાં એહ વખાણ રે. **પૂજો**૦૩

ચારશેં એક લાખ તેત્રીશ સહસ છે રે,
ઓહી નાણી મુણીંદ રે;
ઋષભાદિક ચઉવીશ જિણંદના રે,
નમે પ્રભુ પદ અરવિંદ રે. પૂજો૦ ૪
અવધિજ્ઞાની આણંદને દીએ રે.
મિચ્છા મિ દુક્કડં ગોયમ સ્વામ રે;
વરજો આશાતન જ્ઞાન-જ્ઞાની તણી રે,
**વિજયલક્ષ્મી સુખધામ રે. પૂજો૦ ૫**

*જયવીયરાય સંપૂર્ણ કહી, ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી અવધિજ્ઞાન-આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં, શ્રી અવધિજ્ઞાન-આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો કાઉ૦ ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરીને, પારી, નમોઽર્હત્૦ કહી નીચેની થોય કહેવી.*

## ● શ્રી અવધિજ્ઞાનની થોય ●

રાગ : શંખેશ્વર સાહિબ જે સમરે

ઓહીનાણ સહિત સવિ જિનવરુ, ચવી જનની કૂખે અવતરુ;
જસ નામે લહીએ સુખતરુ, સવિ ઈતિ ઉપદ્રવ સંહરુ;

હરિ પાઠક સંશય સંહરુ, વીર મહિમા જ્ઞાન ગુણાયરુ;
તે માટે પ્રભુજી વિશ્વંભરુ, **વિજયાંકિત લક્ષ્મી સુહંકરુ.** ૧

*પછી ખમા૦ દઈ, ઊભા થઈને અવધિજ્ઞાનના ભેદના વર્ણનવાળા દુહા બોલી છ ખમા૦ આપવાં.*

## ● શ્રી અવધિજ્ઞાનનાં ખમાસમણના દુહા ●

અસંખ્ય ભેદ અવધિતણા, ષટ્ તેહમાં સામાન્ય;
ક્ષેત્રાપનાક લઘુથી ગુરુ, લોક અસંખ્ય પ્રમાણ. ૧
લોચન પરે સાથે રહે, તે **અનુગામિક** ધામ;
છાસઠ સાગર અધિક છે, એક જીવ આશરી ઠામ. ૨

**ઊપન્યો અવધિ જ્ઞાનનો, ગુણ જેહને અવિકાર;**
**વંદના તેહને માહરી, શ્વાસમાંહે સો વાર.** ૧

*ઉપરનો દુહો દરેક ગુણ દીઠ બોલવો.*

જે ક્ષેત્રે ઓહી ઊપન્યું, તિહાં રહ્યો વસ્તુ દેખંત;
થિર દીપકની ઉપમા, **અનનુગામી** લહંત. **ઊપ૦** ૨
અંગુલ અસંખ્યેય ભાગથી, વધતું લોક અસંખ્ય;
લોકાવધિ પરમાવધિ, **વર્ધમાન** ગુણકંખ્ય. **ઊપ૦** ૩

યોગ્ય સામગ્રી અભાવથી, **હીયમાન** પરિણામ;
અધ અધ પૂરવ યોગથી, એહવો મનનો કામ. ઊપ૦ ૪
સંખ્ય અસંખ્ય જોજન સુધી, ઉત્કૃષ્ટો લોકાંત;
દેખી **પ્રતિપાતી** હોયે, પુદ્ગલ દ્રવ્ય એકાંત. ઊપ૦ ૫
એક પ્રદેશ અલોકનો, પેખે જે અવધિનાણ ;
**અપડિવાઈ** અનુક્રમે, આપે કેવલનાણ. ઊપ૦ ૬

## ● ચતુર્થ શ્રી મનઃપર્યવજ્ઞાનનાં દેવવંદન ●

*ખમાસમણ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી મનઃ-પર્યવજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ? ઈચ્છં, કહી ચૈત્યવંદન કરવું.*

### ● શ્રી મનઃપર્યવજ્ઞાનનું ચૈત્યવંદન ●

શ્રી મનઃપર્યવ જ્ઞાન છે, ગુણ પ્રત્યયી એ જાણો,
અપ્રમાદી ૠદ્ધિવંતને, હોય સંયમ ગુણઠાણો;
કોઈક ચારિત્રવંતને, ચઢતે શુભ પરિણામે,
મનના ભાવ જાણે સહી, સાગાર ઉપયોગ ઠામે;
ચિંતવતાં મનોદ્રવ્યના એ, જાણે ખંધ અનંતા,
આકાશે મનોવર્ગણા, રહ્યા તે નવિ મુણંતા. ૧
સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીએ, તનુયોગે કરી ગ્રહિયા,

મનોયોગે કરી મનપણે, પરિણમે તે દ્રવ્ય મુણિયાં;
તિર્હ્છું માણસક્ષેત્રમાં, અઢી દ્વીપ સહી વિલોકે,
તિર્છાલોકના મધ્યથી, સહસ જોયણ અધોલોકે;
ઊર્ધ્વ જાણે જ્યોતિષી લગે એ, પલિયનો ભાગ અસંખ્ય,
કાળથી ભાવ થયા થશે, અતીત અનાગત સંખ્ય. ૨
ભાવથી ચિંતિત દ્રવ્યના, અસંખ્ય પર્યાય જાણે,
ઋજુમતિથી વિપુલમતિ, અધિકા ભાવ વખાણે;
મનનાં પુદ્ગલ દેખીને, અનુમાને ગ્રહે સાચું,
વિતથપણું પામે નહિ, તે જ્ઞાને ચિત્ત રાચું;
અમૂર્ત્ત ભાવ પ્રગટપણે એ, જાણે શ્રી ભગવંત,
ચરણકમલ નમું તેહનાં, **વિજયલક્ષ્મી** ગુણવંત. ૩

*જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું.*

## ● શ્રી મનઃપર્યવજ્ઞાનનું સ્તવન ●

રાગ : જીરે જી...

જીરે માહરે શ્રી જિનવર ભગવાન,
અરિહંત નિજ નિજ જ્ઞાનથી, જીરે જી.
જીરે માહરે સંયમ સમય જાણંત;

નવ લોકાંતિક માનથી. જીરે જી. ૧
જીરે માહરે તીર્થ વર્તાવો નાથ,
ઈમ કહી પ્રણમે તે સુરા; જીરે જી.
જીરે માહરે ષટ્ અતિશયવંત દાન;
લેઈ હરખે સુર-નરા. જીરે જી. ૨
જીરે માહરે ઈણવિધ સવિ અરિહંત,
સર્વવિરતિ જબ ઉચ્ચરે; જીરે જી.
જીરે માહરે મનઃપર્યવ તવ નાણ,
નિર્મળ આતમ અનુસરે. જીરે જી. ૩
જીરે માહરે જેહને વિપુલમતિ તેહ,
અપ્રતિપાતિપણે ઊપજે; જીરે જી.
જીરે માહરે અપ્રમાદી ઋદ્ધિવંત,
ગુણઠાણે ગુણ નીપજે. જીરે જી. ૪
જીરે માહરે એક લક્ષ પિસ્તાલીશ હજાર,
પાંચશે એકાણું જાણીએ; જીરે જી.
જીરે માહરે મનનાણી મુનિરાજ,
ચોવીશ જિનના વખાણીએ. જીરે જી. ૫
જીરે માહરે હું વંદું ધરી નેહ,

સવિ સંશય હરે મનતણા; જીરે જી.

જીરે માહરે **વિજયલક્ષ્મી** શુભ ભાવ,

અનુભવ જ્ઞાનના ગુણ ઘણા. જીરે જી. ૬

*સંપૂર્ણ જયવીયરાય કહી, ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી મનઃપર્યવજ્ઞાન-આરાધનાર્થં કાઉસ્સગ્ગ-કરું ? ઈચ્છં, શ્રી મનઃપર્યવજ્ઞાન - આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો, ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્૦ કહી થોય કહેવી.*

## ● શ્રી મનઃપર્યવજ્ઞાનની થોય ●

રાગ : શંખેશ્વર પાસ જિનેશ્વર

પ્રભુજી સર્વ સામાયિક ઉચ્ચરે, સિદ્ધ નમી મદ વારી જી,
છદ્મસ્થ અવસ્થા રહે છે જિહાં લગે, યોગાસન તપ ધારીજી;
ચોથું મનઃપર્યવ તવ પામે, મનુજલોક વિસ્તારીજી,
તે પ્રભુને પ્રણમો ભવિ પ્રાણી, **વિજયલક્ષ્મી** સુખકારીજી. ૧

*ત્યારબાદ ખમા૦ દઈ, ઊભા થઈને મનઃપર્યવ જ્ઞાનના ભેદ પ્રમાણે બે ખમા૦ આપવાં.*

## ● શ્રી મનઃપર્યવજ્ઞાનનાં ખમાસમણના દુહા ●

મનઃપર્યવ દુગ ભેદથી, સંયમ ગુણ લહી શુદ્ધ;
ભાવ મનોગત સંજ્ઞીના, જાણે પ્રગટ વિશુદ્ધ. ૧
ઘટ એ પુરુષે ધારિયો, ઈમ સામાન્ય ગ્રહંત;
પ્રાયે વિશેષ વિમુખ લહે, ઋજુમતિ મનહ મુણંત. ૨
**એ ગુણ જેહને ઊપન્યો, સર્વવિરતિ ગુણઠાણ;**
**પ્રણમું હિતથી તેહનાં, ચરણકમળ ચિત્ત આણ. ૧**
નગર જાતિ કંચન તણો, ધાર્યો ઘટ એહ રૂપ;
ઈમ વિશેષ મન જાણતો, **વિપુલમતિ** અનુરૂપ. **એ ગુણ૦** ૨

## ● પંચમ શ્રી કેવળજ્ઞાનનાં દેવવંદન ●

*ખમાસમણ દઈને ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી કેવલજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ? ઈચ્છં , કહી શ્રી કેવલજ્ઞાનનું ચૈત્યવંદન કરવું.*

## ● શ્રી કેવળજ્ઞાનનું ચૈત્યવંદન ●

શ્રી જિન ચઉનાણી થઈ, શુક્લ ધ્યાન અભ્યાસે,
અતિશય અતિશય આત્મરૂપ, ક્ષણ ક્ષણ પ્રકાશે;
નિદ્રા સ્વપ્ન જાગરદશા, તે સવિ દૂરે હોવે,

ચોથી ઉજાગર દશા, તેહનો અનુભવ જોવે;
ક્ષપક શ્રેણિ આરોહિયા એ, અપૂર્વશક્તિ સંયોગે,
લહી ગુણઠાણું બારમું, તુરીય કષાય વિયોગે. ૧
નાણ દંસણ-આવરણ મોહ, અંતરાય ઘનઘાતિ,
કર્મ દુષ્ટ ઉચ્છેદીને, થયા પરમાતમ જાતિ;
દોય ધરમ સવિ વસ્તુના, સમયાંતર ઉપયોગ,
પ્રથમ વિશેષપણે ગ્રહે, બીજે સામાન્ય સંયોગ;
સાદિ અનંત ભાંગે કરી, દર્શન-જ્ઞાન અનંત,
ગુણઠાણું લહી તેરમું, ભાવ-જિણંદ જયવંત. ૨
મૂલપયડિનો એક બંધ, સત્તા ઉદયે ચાર,
ઉત્તર પયડિનો એક બંધ, તિમ ઉદયે રહે બાયાલ;
સત્તા પંચાસી તણી, કર્મ જેહવાં રજ્જુ છાર,
મન વચ કાયા યોગ જાસ, અવિચલ અવિકાર,
સયોગી કેવલીતણી એ, પામી દશાએ વિચરે,
અક્ષય કેવલજ્ઞાનના, **વિજયલક્ષ્મી** ગુણ ઉચ્ચરે, ૩

*જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું.*

## ● શ્રી કેવળજ્ઞાનનું સ્તવન ●

રાગ : કપૂર હોયે અતિ ઊજલો રે - એ દેશી

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન;
દોષ અઢાર અભાવથી રે, ગુણ ઊપન્યા તે પ્રમાણ રે;
**ભવિયા વંદો કેવલનાણ, પંચમી દિન ગુણ ખાણ રે.**
**ભવિયા વંદો૦** ૧

અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય;
એ તો મધ્યમા વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય રે. **ભવિયા૦** ૨

ધ્યાન ટાણે પ્રભુ તું હોયે રે, અલખ અગોચર રૂપ;
પરા પશ્યંતિ પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપ રે. **ભવિયા૦** ૩

છતી પર્યાય જે જ્ઞાનના રે, તે તો નવિ બદલાય;
જ્ઞેયની નવનવી વર્ત્તના રે, સમયમાં સર્વ જાણાય રે. **ભવિયા૦** ૪

બીજા જ્ઞાન તણી પ્રભા રે, એહમાં સર્વ સમાય;
રવિપ્રભાથી અધિક નહિ રે, નક્ષત્ર ગ્રહ સમુદાય રે. **ભવિયા૦** ૫

ગુણ અનંતા જ્ઞાનના રે, જાણે ધન્ય નર તેહ;
**વિજયલક્ષ્મીસૂરિ** તે લહે રે, જ્ઞાન મહોદય ગેહ રે; **ભવિયા૦** ૬

*જય વીયરાય પૂરા કહેવા. ખમાસમણ દઈને ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રીકેવલજ્ઞાન - આરાધનાર્થં કાઉસ્સગ્ગ*

*કરું? ઈચ્છં, શ્રી કેવલજ્ઞાન - આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો, ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્૦ કહી થોય કહેવી.*

## ● શ્રી કેવલજ્ઞાનની થોય ●

છત્ર ત્રય ચામર, તરુ અશોક સુખકાર,
દિવ્ય ધ્વનિ દુંદુભિ, ભામંડલ ઝલકાર;
વરસો સુર કુસુમે, સિંહાસન જિન સાર,
વંદે **લક્ષ્મીસૂરિ,** કેવલજ્ઞાન ઉદાર. ૧

*ખમા૦ દઈ, ઊભા થઈને કેવલજ્ઞાનનો દુહો બોલીને ખમા૦ આપવું.*

## ● શ્રી કેવલજ્ઞાનના ખમાસમણનો દુહો ●

બહિરાતમ ત્યાગે કરી, અંતર આતમ રૂપ;
અનુભવી જે પરમાત્મા, ભેદ એક જ ચિદ્રૂપ. ૧
પુરુષોત્તમ પરમેશ્વરુ, પરમાનંદ ઉપયોગ;
જાણે દેખે સર્વને, સ્વરૂપ રમણ સુખભોગ ૨
ગુણપર્યાય અનંતતા, જાણે સઘળાં દ્રવ્ય;
કાળત્રય વેદી જિણંદ, ભાષિત ભવ્યાભવ્ય. ૩

અલોક અનંતો લોકમાં, થાપે જેહ સમત્થ;
આતમ એક પ્રદેશમાં, વીર્ય અનંત પસત્થ. ૪
**કેવલ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ;**
**જ્ઞાનપંચમી દિન પૂજીએ, વિજયલક્ષ્મી શુભ હેજ. ૧**

*ખમા૦ દઈ અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં દેવા.*

## શ્રી જ્ઞાનપંચમી - દેવવંદન સમાપ્ત

# પ.પૂ. પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા
## તરફથી પ્રકાશિત થયેલ ઉપલબ્ધ સાહિત્ય

- ભાગ્યના ખેલ (બે આવૃત્તિ)
- મંત્રાધિરાજ (બે આવૃત્તિ)
- વિરલવિભૂતિ (ત્રણ આવૃત્તિ)
- કથા કલ્પવેલી ભાગ-૨
- સમાધિ વિચાર (બે આવૃત્તિ)
- પાઈયસુભાસિયસંગહો
- રાત્રિભોજન મહાપાપ (છ આવૃત્તિ-૨૨૦૦૦ નકલ)
- અનેકાંતદર્શનમાં દ્રવ્યનું સ્વરૂપ
- દેવસિરાઈ પ્રતિક્રમણ સૂત્ર (અંગ્રેજી)
- *Eating After Sunset the Great Sin*
- માંગલ્યદીપ
- ચાતુર્માસિક તથા જીવના નિયમો (ચાર આવૃત્તિ)
- રત્નના દીવા
- રાત્રિભોજન મહાપાપ (હિન્દી)
- ચારિત્ર મનોરથમાલા (સટીકસાનુવાદ)
- દેશ વિરતિ જીવન દીપિકા (બારવ્રતની વિસ્તૃત માહિતી)
- સમરાદિત્ય ચરિત્ર સંસ્કૃત ચંપૂકાવ્ય ભાગ-૧ (પ્રત)
- ધર્મસન્મિત્ર ભાગ-૧
- દીવાદાંડી ભાગ-૧ (બે આવૃત્તિ)
- અહિંસા વિચાર (ગુજરાતી-મરાઠી-હિન્દી)
- મંગલં જિનશાસનમ્ (ત્રણ આવૃત્તિ)
- સામાયિક ધર્મ (ત્રણ આવૃત્તિ)
- સંયમરંગ લાગ્યો (બે આવૃત્તિ)
- ભવભાવના (બે આવૃત્તિ)
- ધર્મપરીક્ષા (પ્રત)
- ભવ આલોચના (ત્રણ આવૃત્તિ)
- ઉપદેશ કલ્પવેલી
- શતક સંદોહ (૧૦ શતક ભાવાનુવાદ સાથે)
- ષોડશક સટીક-ભાવાનુવાદ
- અધ્યાત્મબિંદુ - સટીક
- સિરિ મરણસમાહિ - પઈણયં
- મિત્ર-આનંદ દેવવંદન સંપુટ (સેટ)
- મિત્ર-આનંદ દેવવંદન સંપુટ (સેટ) (બે આવૃત્તિ)

પૂજ્યપાદ આ. ભ. **શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા.** પ્રેરિત-સંપાદિત ગ્રંથો

અધ્યાત્મબિંદુ (સંસ્કૃત) * દ્રવ્યગુણપર્યાયનો રાસ ભાગ-૧ (વિવેચન)

* પદ્મપ્રેરણા (પત્ર સંગ્રહ)

* સાહિત્ય માટે પત્ર વ્યવહાર *

**પ.પૂ. પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા ટ્રસ્ટ**

પ, વિવેક ડુપ્લેક્ષ, દશાપોરવાડ સોસાયટી, પાલડી બસ સ્ટેન્ડ પાછળ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૭. મો. ૯૮૨૪૨૫૨૯૭૮

# દેવવંદન

વંદનીય વિભૂતિઓમાં સૌથી શ્રેષ્ઠ છે
વીતરાગદેવ. તે તે પર્વના નિમિત્તને
પામી મુખ્યતયા શ્રી જિનેશ્વરદેવનાં
દેવવંદન થાય છે.
ભગવાનનાં દેવવંદનથી કરોડો
ભવનાં કર્મની હાનિ અને આત્મિક
ગુણોની વૃદ્ધિ થાય છે.
વંદનાદ્ વાંછિતપ્રદઃ મતલબ,
ભગવાનના વંદનથી વાંછિતની
પ્રાપ્તિ થાય છે. ઉપરાંત આ ક્રિયાથી
સમ્યગ્દર્શન નિર્મળ બને છે.
લખલૂટ નિર્જરા થાય છે. પરમપવિત્ર
આ ક્રિયા દ્વારા દેવત્વને પામો;
એ જ મંગલકામના...

- આચાર્ય
વિજયભવ્યદર્શનસૂરિ